પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩ | ૨૪ માર્ચ, ૨૦૧૮, શનિવાર ; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ફ્રાન્સમાં આતંકી હૂમલો

દક્ષિણ ફ્રાન્સના કારકાસોનેમાં આઈએસ દ્વારા આતંકી હૂમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. કેટલાક લોકોને બંધક બનાવાયા છે તો ગોળીબારીના બે ના મોત નિપજયા હોવાના પણ અહેવાલ છે.

### ચન્દ્રયાન-૨નું ઓક્ટોબરમાં પ્રક્ષેપણ

ઈસરોના અધ્યક્ષ કે. સિવને કહ્યુ છે કે ચંદ્રયાન-૨નું પ્રક્ષેપણ એપ્રિલમાં થવાનુ હતુ પરંતુ હજુ કેટલાક પરીક્ષણો બાકી હોવાથી આગામી ઓક્ટોબર માસમાં તેનુ પ્રક્ષેપણ કરાશે.

### સોનિયા ગાંધીની તબીયત લથડી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબીયત શિમલામાં ખરાબ થયા બાદ તેમને દિલ્હી ખસેડવામાં આવ્યા છે. તેઓ દીકરી પ્રિયંકા વાડેરાનું ઘર જોવા શિમલા પહોંચ્યા હતા.

### બિહારમાં ફટાકડાની ફેક્ટરીમાં આગ : પના મોત

બિહારના નાલંદામાં ગેરકાયદેસર રીતે ચાલતી ફટાકડાની ફેકટરીમાં વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટ એટલો મોટો હતો કે આજુ બાજુના ઘણાં ઘર ધ્વસ્ત થઈ ગયા છે. ઘટનામાં પાંચ લોકોની મોત થઈ છે જ્યારે ૨૫થી વધારે લોકો ઘાયલ થયા છે.

# અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર

## શેરબજાર કડડભૂસ : ભારતીયોના બે લાખ કરોડનું ધોવાણ : સેન્સેક્સમાં ૪૦૯ પોઈન્ટનું ગાબડું



મુંબઈ,તા.૨૩

શેરબજારમાં આજે ગાબડુ પડ્યું હતું. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉર શરૂ થઈ ગઈ છે, જે સમાચાર પાછળ અમેરિકન સ્ટોક માર્કેટમાં કડાકો બોલી ગયો હતો, તેની પાછળ એશિયાઈ અને યુરોપના સ્ટોક માર્કેટ તૂટ્યા હતા. ભારતીય શેરબજારમાં પણ ભારે ગભરાટભરી વેચવાલી ફરી વળી હતી. પરિણામે ટ્રેડિંગ સેશનને અંતે બીએસઈ સેન્સેકસ ૪૦૯.૭૩(૧.૨૪ ટકા) ગગડી ૩૨,૫૯૬.૫૪ બંધ રહ્યો હતો. તેમજ નિફટી ૧૧૬.૭૦(૧.૧૫ ટકા) તૂટી ૯૯૯૮.૦૫ બંધ થયો હતો.અમેરિકાએ ઈન્ટલેક્ચ્યુલ પ્રોપર્ટીની ચોરી રોકવા માટે ડયૂટી લગાવી છે. અમેરિકાએ ૬૦ અબજ ડૉલરની ચીનની આયાત પર ડયૂટી લગાવી દીધી છે. આગામી ૧૫ દિવસમાં તેની યાદી પણ જાહેર કરશે. ટ્રમ્પ આગળના દિવસમાં કોઈપણ પગલા ભરી શકે છે. આમ ટ્રેડ વૉર શરૂ થયાના ભય પાછળ ગત મોડીરાતે ડાઉ જોન્સ ૭૨૪ પોઈન્ટ અને નેસ્ડેક ૧૭૮ પોઈન્ટ તૂટ્યા હતા, તેની પાછળ એશિયાના તમામ સ્ટોક માર્કેટ ગબડ્યા હતા. જે પછી ભારતીય શેરોની જાતે-જાતમાં ઑલ રાઉન્ડ વેચવાલી ફરી વળી હતી. દેશ અને દુનિયાના સ્ટોક માર્કેટમાં ભારે ગભરાટ છવાઈ ગયો હતો. તમામ સેકટરના શેરોના ભાવમાં ગાબડા પડ્યા હતા. વળી સપ્તાહનો છેલ્લો દિવસ હોવાથી નીચા મથાળે નવી લેવાલીનો ટેકો આવ્યો ન હતો.

આજના ગાબડાથી રોકાણકારોના ૨ લાખ કરોડથી વધુ ડુબ્યા હતા. બીએસઈના માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૨.૩૧ લાખ કરોડનું ધોવાણ થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# આપના ૨૦ ધારાસભ્યો યથાવત : દિલ્હી હાઈકોર્ટ

**૨૦ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના ચુકાદાને ફગાવી દેવાનો ફેંસલો દિલ્હી હાઈકોર્ટે આપતા એએપીમાં ખુશીનું મોજુ : ચૂંટણી પંચ ફરી સુનાવણી કરશે**

નવી દિલ્હી,તા. ૨૩

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકારને આજે દિલ્હી હાઈકોર્ટે મોટી રાહત આપી હતી. લાભના મામલે અયોગ્ય જાહેર કરવાના ચુકાદાને આજે દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધો હતો અને તેમના હોદ્દા પર ફરી ગોઠવી દીધા હતા. આનો મતલબ એ થયો કે એએપીના ૨૦ ધારાસભ્યો હવે ધારાસભ્યો તરીકે યથાવત રહેશે. ચૂંટણી પંચ ફરીથી સુનાવણી હાથ ધરશે. દિલ્હી હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે કે, ધારાસભ્યોની અરજી ઉપર ફરીથી સુનાવણી કરવામાં આવે. એએપીના ૨૦ ધારાસભ્યોને અગાઉ ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ એએપીમાં સંકટના વાદળો ઘેરાઈ ગયા હતા. ચૂંટણી પંચની ભલામણોને આજે ફગાવી

દેવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના ૨૦ ધારાસભ્યોની મેમ્બરશીપને રદ કરવાના મામલામાં દિલ્હી હાઈકોર્ટની બે જજની બેંચે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કોર્ટમાં ૧૫થી વધારે પૂર્વ ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. એએપીના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે, ધારાસભ્યોને અગાઉ બોલવાની તક આપવામાં આવી ન હતી. કોર્ટે તેમને તક આપી હતી.

ચૂંટણી પંચ હવે ફરીથી સુનાવણી કરશે. જાન્યુઆરી મહિનામાં એએપીના ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની સામે દિલ્હી હાઈકોર્ટમાં એએપીના સભ્યો તરફથી અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટમાં મામલો પહોંચ્યો હતો. હાઈકોર્ટે ચૂંટણી પંચને પણ આ મામલામાં ચુકાદો ન આવે ત્યાં સુધી પેટાચૂંટણી ન કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો. એએપીના ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાના મામલે અરજી કરનાર પ્રશાંત પટેલે કહ્યું છે કે, આ કેસ ફરીથી ખુલશે. તેમણે કહ્યું છે કે, એક બંધારણીય મુદ્દો તેમણે ઉઠાવ્યો છે. તેમના માટે આ કોઈ ફટકો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારને ૧૯મી જાન્યુઆરીના દિવસે મોટો ફટકો પડ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ભ્રષ્ટાચાર કેસમાં કાર્તિને અંતે હાઈકોર્ટના જામીન

**કાર્તિ ચિદમ્બરમ દેશ બહાર જઇ શકશે નહીં અને પુરાવા સાથે કોઇ ચેડા નહીં કરી શકે : ખાતા ચાલુ રાખવા પડશે**

નવીદિલ્હી, તા. ૨૩

આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચાર કેસમાં કાર્તિ ચિદમ્બમરને આજે દિલ્હી હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી ગઈ હતી. હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે, કાર્તિ દેશની બહાર જઈ શકશે નહીં. કાર્તિ ઉપર કેટલીક શરતો પણ લાગૂ કરવામાં આવી હતી. કોર્ટે આદેશ આપ્યો છે કે, કાર્તિ સાક્ષીઓને પ્રભાવિત કરવાના કોઇ પ્રયાસ કરી શકશે નહીં. કાર્તિ પોતાના બેંક ખાતાઓને પણ બંધ કરી શકશે નહીં. ૧૬મી માર્ચના દિવસે દિલ્હી હાઈકોર્ટે કાર્તિ ચિદમ્બરમની જામીન અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સીબીઆઈએ એમ કહીને કાર્તિને જામીન આપવાનો વિરોધ કર્યો હતો કે તે સાક્ષીઓ

● અનુસંધાન પાન-૭ પર



આંદોલનના શ્રીગણેશ : જાણીતા ગાંધીવાદી અગ્રણી સમાજસેવી અન્ના હજારેએ શુક્રવારથી આમરણાંત ઉપવાસ આંદોલનનો આરંભ કર્યો હતો... લોકપાલ અને લોકાયુક્ત બીલના અમલ માટે અન્ના હજારે આંદોલન ચલાવી રહ્યા છે... છેલ્લા પાંચ વર્ષથી ચાલતું આંદોલન હવે પરાકાષ્ટાએ પહોંચી રહ્યું છે... અન્ના હજારેના સમર્થનમાં દેશના અનેક મહાનગરોમાં કર્મશીલોએ પણ ઉપવાસ આંદોલન આરંભ્યુ છે... ઉપવાસ આંદોલન આરંભ કરતા પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધી રાજઘાટ પર પહોંચી અન્ના હજારેએ પુષ્પાંજલી આપી અને સાથીઓ સાથે પ્રાર્થના સભા પણ યોજી હતી... અન્ના હજારે કિસાનોની સાત માંગણીઓને લઈને આ આંદોલન ચલાવી રહ્યા છે... અન્નાએ એમ પણ જણાવ્યું હતું કે, જ્યાં સુધી મારી માંગણીઓનો સ્વાકીર નહી થાય ત્યાં સુધી મારુ આંદોલન ચાલુ રહેશે....

# રાજ્યસભાના આશ્ચર્યજનક પરિણામો જાહેર

## બંગાળમાં ટીએમસીના ચાર ઉમેદવાર જીત્યા : છત્તીસગઢમાં ભાજપની સરોજ પાંડેનો વિજય : તેલંગાણામાં ટીઆરએસના ત્રણ સભ્યો વિજયી

નવી દિલ્હી,તા. ૨૩

ભારે સસ્પેન્સ અને ઉત્સુકતા વચ્ચે રાજ્યસભાની ચૂંટણીના પરિણામ આજે મોડી સાંજે જાહેર થવાની શરૂઆત થઈ હતી.

ભારે ઉત્તેજના વચ્ચે ઉત્તર પ્રદેશની ૧૦ બેઠકો પૈકી આઠ ભાજપ અને એક બેઠક પર સપાએ જીત મેળવી હતી. રોમાંચક મતગણતરીમાં ૧૦માંથી ૯ બેઠકો જીતવાના વિશ્વાસ ધરાવતા ભાજપને ૯ બેઠકો પ્રાપ્ત થતા બસપાને અણધારી નિષ્ફળતા મળી હતી.

પશ્ચિમ બંગાળમાં પાંચ પૈકી ચાર સીટ પર ટીએમસીના ઉમેદવાર જીતી ગયા હતા. કેરળમાં એલડીએફના ઉમેદવાર વિરેન્દ્રકુમારને જીત મળી હતી. વરિષ્ઠ પત્રકાર અને કોંગ્રેસના ઉમેદવાર કુમાર કેતકર મહારાષ્ટ્રથી જીત્યા હતા. છત્તીસગઢમાંથી સરોજ પાંડેએ જીત મેળવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### રાજ્યસભાના પરિણામો

**પશ્ચિમ બંગાળ**

નદીમઉલહક (ટીએમસી)
સુભાષીશ ચક્રવર્તી (ટીએમસી)
અબીર વિશ્વાસ (ટીએમસી)
શાંતનુ સેન (ટીએમસી)

**છત્તીસગઢ**

સરોજ પાંડે (ભાજપ)

**કેરળ**

વિરેન્દ્રકુમાર (એલડીએફ)

**તેલંગાણા**

બી પ્રકાશ (ટીઆરએસ)
જે સંતોષકુમાર (ટીઆરએસ)
એબી લિંગયા યાદવ (ટીઆરએસ)

**ઝારખંડ**

સમીર ઉરાવ (ભાજપ)
ધીરજ સાહૂ (કોંગ્રેસ)

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
March 23 to 31• સવારે ૯ થી સાંજે ૬
જોઈએ છે ફુલટાઈમ / પાર્ટટાઈમ પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એકઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેકટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

ગાંધીનગર
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57

GRAND OPENING
@ Sector 27
Date: 25-3-2018
Time: 9am onwards
www.rangolischool.co.in
RANGOLI
A Colourful beginning
ADMISSION OPEN
Toddler Care • Nursery
Jr. KG • Sr. KG
E-Learning & Digital Classrooms
End to End Support
Best E4 Pedagogy
70+ Preschools & Schools
Prominent player in Education Franchising
First Step Towards QUALITY EDUCATION
Available At:
Sec - 6 Plot No: 675, Nr. G2 Circle 97234 66820
Sec - 7 Plot No: 1355/1, Bh. Aavkar Complex 73599 60007
Sec - 22 Plot No: 732, Opp. Rangmanch 97234 66810
Sec - 27 Plot No: 265, Gayatri Nagar 63529 29765